જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** સમાચાર યાદી નં.૨૨૦૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૯૩ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૯ લીટર દેશી દારૂ, ૧૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** સમાચાર યાદી નં.૨૨૦૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૫/૧૭**

**વાસણાઃ** ગોપાલભાઈ કેશવભાઈ વળગામા (રહે. દિક્ષાંત એપાર્ટમેન્ટ સામે,દેવાસ એપાર્ટમેન્ટની બાજુમા જીવરાજપાર્ક) એ તા.૩૦/૧૦/૧૭ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૧૭ બપોરના ૩/૩૦ થી તા.૨૯/૧૦/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન વાસણા જવાહર નગર એફ/૪૦૩ સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ ખાતે પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા સોના-ચાદીના સિક્કા કિમત રૂપિયા ૨,૧૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૮૪,૦૦૦/-મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**પર્સ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૬/૧૭**

**વાસણાઃ** જીગ્નાશાબહેન વા/ઓફ ધર્મેદ્રભાઇ રાવલ (ઉ.વ.૩૮) (રહે.રૂદ્રબાગ સોસાયટી વેજલપુર નગરપાલીકાની બાજુમાં વેજલપુર) તા.૩૦/૧૦/૧૭ રાતના ૮/૩૫ વાગ્યાના સુમારે જયદિપ ટાવરથી જીવરાજ મહેતા હોસ્પીટલ તરફ જતા ચાંદની પાર્ટીપ્લોટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક લાલ રંગના પલ્સર મોટર સાયકલ નંબર ૭૨૪૮ ઉપર આવેલ બે પુરૂષો જીગ્નાશાબહેનના હાથમાંથી પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં જરૂરી દસ્તાવેઝ તેમજ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૫૦૦/- અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મત્તા હતી. આ અંગેની ફરીયાદ જીગ્નાશાબહેને વાસણા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૦૭/૧૭</u>**

કાગડાપીઠઃ નાનો નિઝાર નુરૂદ્દીન ભુલાણી(ઉ.વ.૫૦) (રહે. ખોજા સોસાયટી વેદ મંદિર પાસે કાકરીયા) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૧૭ કલાક ૪/૦૦ થી કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નટરવરભાઇ હરજીભાઇ ચલાવે છે.

**વાસણાઃ** હિતેશ દિનેશભાઈ સોનવાલ (ઉ.વ.૩૨)(રહે.બાપા સીતારામ મંદિર પાસે સોરાઈનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૧૭ સાંજના ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનૈયાલાલ શિવાભાઈ ચલાવે છે.

**રીવરફ્રંટ વેસ્ટઃ** મહેશભાઇ મુળજીભાઇ વાઘેલા (ઉ.વ.૪૯) (રહે.માયાનગર સોસાયટી સિવિલ પાછળ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૧૭ સાંજના ૫/૫૫ વાગ્યા પહેલા બાટા શો રૂમની પાછળ ગાંધીબ્રીજ અને નહેરૂબ્રીજ વચ્ચે રીવરફ્રન્ટ વોક વે ઘાટ નં-૬ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતીઆ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.